ઉઠ કે ખડે હમ, આગે બઢે હમ, સબકી સેવા કરે સમાન, રોગ મિટે, અજ્ઞાન કટે સબ, સૃષ્ટિ સકલ હો સંપદવાન

**રાજ્યમાં વધુ ૪૦૫ નવા કેસ : અમદાવાદમાં ૩૧૦ : ગાંધીનગરમાં ૦૪**

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૭૬ | ૨૬ મે, ૨૦૨૦, મંગળવાર; જેઠ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# લદાખ સરહદે ભારત-ચીન વચ્ચે તનાવ

**ચીન દ્વારા પેંગોંગ તળાવ નજીક તંબુ ગોઠવી દેવામાં આવ્યા : ભારત સરકારે ચીન તરફથી આવતા રોકાણ પર કડક કાર્યવાહી કરી છે ભારતે પણ ત્યાં તંબૂ ગોઠવી દીધા અને જડબાતોડ જવાબ આપવા તૈયાર છે**



નવીદિલ્હી, તા.૯

આ દિવસોમાં, ચીન દ્વારા ભારત અને ચીન લદાખ બોરડે વચ્ચે તનાવ ચાલી રહ્યો છે, જે થોડા સમય પહેલા ડોકલામમાં બહાર આવવા જેવો જ હતો. ચીની બાજુથી પેંગોંગ તળાવ નજીક તંબુ ગોઠવવામાં આવ્યા છે. ભારતે પણ ત્યાં તંબૂ મૂક્યો છે અને યોગ્ય જવાબ આપવા તૈયાર છે. એટલે કે, એક તરફ ચીન ભારત તરફ નજર રાખી રહ્યું છે, બીજી તરફ ભારતને કારણે તે ડરી ગયો છે અને તેનો ગુસ્સો પણ બહાર આવી રહ્યો છે. ચીનની સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સે ભારત વિરુદ્ધ ઝેરનો પ્રારંભ કર્યો છે. એક તરફ તે સરહદ પર ભારતીય સૈનિકોનો મુકાબલો કરે છે, બીજી તરફ તે મીડિયા દ્વારા ભારતની નીતિ પર આંગળી ઉઠાવી રહ્યો છે. ચીને તાજેતરના કોરોના સમયગાળા દરમિયાન ભારતમાં મોટું રોકાણ કર્યું હતું. આ જોઈને, ભારત સરકાર જાગૃત થઈ ગઈ અને ચીન તરફથી થયેલા તમામ રોકાણોની સંપૂર્ણ તપાસ હાથ ધરવાનો નિયમ બનાવ્યો. હકીકતમાં, કોરોનાને કારણે ભારતને ઘણું આર્થિક નુકસાન થયું છે, આવી સ્થિતિમાં ચીન અહીં તકમાં રોકાણ કરીને નફો કમાવવાનું વિચારી રહ્યો હતો, આને રોકવા માટે ભારત સરકારે ચીન તરફથી આવતા રોકાણને કડક બનાવવાનું શરૂ

● અનુસંધાન પાન-૭ પર

## ભારત સાથે સારા સંબંધ, વાતચીતથી વિવાદ ઉકેલીશું : નેપાળ

કાઠમાંડૂ,તા.૨૫

કાલાપાની અને લિપુલેખ જેવા ઊભા થયેલા સરહદ વિવાદની વચ્ચે નેપાળના વિદેશ મંત્રી પ્રદીપ કુમાર ગ્યાવલીએ ભારતને એવો દેશ ગણાવ્યો છે જેની સાથે નિકટતમ સંબંધો છે. ગ્યાવલીએ કહ્યું કે નેપાળની સાથે વિશિષ્ટ અને નજીકના સંબંધો છે. લિપુલેખ પર વાતચીત કરવાથી અંતર રાખતા તેઓએ કહ્યું કે નેપાળ સરકારને વિશ્વાસ છે કે કાલાપાનીનો મુદ્દો વાતચીત દ્વારા ઉકેલાઈ જશે. વિદેશ મંત્રીના આ નિવેદનને નેપાળનું વલણ નરમ પડતું હોય તે રીતે જોવામાં આવી રહ્યું છે.

ગ્યાવલીએ અંગ્રેજી અખબારને આપેલા એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું કે, અમે હંમેશા કહ્યું છે કે આ મુદ્દાના સમાધાનની એક માત્ર રીત સારી ભાવના સાથે વાતચીત કરવી છે. કોઈ આવેશમાં આવ્યા વગર કે બિનજરૂરી ઉત્સાહ અને પૂર્વાગ્રહની સાથે નેપાળ વાતચીચ દ્વારા સરહદ વિવાદને ઉકેલતા માંગે છે. અમને વિશ્વાસ છે કે આ મુદ્દો દ્વિપક્ષીય વાતચીત દ્વારા ઉકેલી શકાશે.

તેઓએ જોકે લિંપિયાધુરા, લિપુલેખનો ઉલ્લેખ ન કર્યો જેના વિશે નેપાળ પોતાનો વિસ્તાર હોવાનો દાવો કરે છે. નોંધનીય છે કે, બંને દેશોની વચ્ચે સંબંધોમાં ત્યારે તણાવ આવી ગયો હતો.

## દિલ્હી-ગાઝિયાબાદ સરહદ ફરીથી સીલ : પાસના આધારે એન્ટ્રી

**ડોક્ટર, પેરામેડિકલ સ્ટાફ તેમજ પત્રકારો ઓળખ કાર્ડ દ્વારા પ્રવેશ મેળવી શકશે : કેસોને ધ્યાનમાં લઇ નિર્ણય**

ગાઝિયાબાદ, તા. ૨૫

ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં વધતા કોરોના વાયરસના દર્દીઓ જોતા જિલ્લા પ્રશાસને મોટો નિર્ણય લીધો છે. દિલ્હી-ગાઝિયાબાદ બોર્ડર ફરી એકવાર સીલ થઈ ગઈ છે. પાસ થનારાઓને જ જિલ્લામાં પ્રવેશ આપવામાં આવશે. આ આદેશ બાદ ગાઝિયાબાદથી દિલ્હી જતા લોકોમાં હંગામો મચી ગયો છે. ડીએમ દ્વારા જારી કરેલા હુકમમાં, એવું કહેવામાં આવે છે કે પસાર થનારાઓને જ સરહદ પાર કરવાની મંજૂરી આપવામાં આવશે. માલ, બેંકિંગ સેવાઓ અને આવશ્યક માલ વહન કરતા વાહનોને વહન કરવું જરૂરી રહેશે. બોર્ડર પર તૈનાત પોલીસ પૂછપરછ કરી શકશે. પોલીસ પાસની તપાસ કરશે અને




ખાતરી આપવામાં આવશે ત્યારે કોઈને

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૫૫૪૫૪૩૦ | ૩૪૭૫૮૩ | ૨૩૧૫૩૦૫ |
| ભારત | ૧૪૪૧૧૮ | ૪૧૪૭ | ૬૦૧૩૭ |
| ગુજરાત | ૧૪૪૬૮ | ૮૮૮ | ૬૬૩૬ |
| ગાંધીનગર | ૨૨૫ | ૧૩ | ૧૨૧ |

## દિલ્હીથી બેંગ્લુરુ ફ્લાઈટમાં એકલો આવ્યો બાળક

બેંગ્લુરુ,તા.૨૫

હાલ માત્ર ડોમેસ્ટિક ફ્લાઈટોને જ મંજૂરી આપવામાં આવી છે. આવી જ એક ફ્લાઈટ દિલ્હીથી બેંગલુરૂ પહોંચી હતી. જેમાં વિહાન નામનો એક ૫ વર્ષનો બાળક પણ આવ્યો હતો.

૫ વર્ષનો વિહાન દિલ્હીથી એકલો જ બેંગ્લુરૂ આવ્યો છે. આ અંગે વિહાન શર્માની માતા મંજરી શર્માએ જણાવ્યું કે, તેમનો પુત્ર છેલ્લા ૩ મહિનાથી દિલ્હીમાં હતો.

## આકાશમાં લોકડાઉન ખત્મ, વિમાનોની ઘરેરાટીથી આકાશ ગૂંજી ઉઠ્યું

**તમામ મુસાફરો પીપીઈ, ગ્લવ્સ, માસ્ક પહેરેલા મુસાફરો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરતાં જણાયાં : પ્રથમ ગ્રાસે મક્ષિકા, દિલ્હીથી ૮૨ ફ્લાઈટ રદ થઈ, મુસાફરો રઝળ્યા**

ન્યુ દિલ્હી,તા.૨૫

અંદાજે ૬૦ દિવસના લોકડાઉનથી શાંત પડેલા ભારતના આકાશમાં આજે ફરી એકવાર વિમાનોની ઘરેરાટી અને એરપોર્ટ પર મુસાફરોની હિલચાલ અને અવરજવર તથા ચહલપહલ જોવા મળી હતી. તમામ પ્રવાસી મુસાફરો માસ્ક પહેરેલા જોવા મળ્યા હતા. પહેલા જ દિવસે ક્યાંક વિમાન કેન્સલનો સામનો મુસાફરોને સહન કરવો પડ્યો હતો.

નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટથી આજે ૨૪૩ ફલાઈટનું સંચાલન થવા અંગેનું શીડ્યુલ હતું. જે પૈકી ૧૧૮ અરાઈવલ તેમજ ૧૨૫ ડીપાર્ચર ફલાઈટ્સ હતી. દેશભરમાં તમામ મોટા એરપોર્ટ પરથી આજથી ફલાઈટ્સ પુનઃ શરૂ થઈ રહી છે. જો કે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ થયો છે. પ્રથમ દિવસે જ દિલ્હીમાં જ ૮૨ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

દેશભરમાં સોમવારે



ડોમેસ્ટિક ફલાઈટ શરૂ કરી દેવાઈ હતી. દિલ્હી-ભુવનેશ્વર વિસ્તારની ફલાઈટમાં મુસાફરો ફેસ શિલ્ડ પહેરેલા જોવા મળ્યા હતા. એર ઈન્ડિયાની બેંગલુરુ- હૈદરાબાદ ફલાઈટ કોઈ પણ પ્રકારની અગાઉની સૂચના વગર રદ કરી દેવાઈ હતી.

મુસાફરોઓએ જણાવ્યું કે, બોર્ડિંગ પાસ સ્કેન કરવા અંગે કહેતાં એવો જવાબ મળ્યો કે, ફલાઈટ કેન્સલ કરી દેવાઈ છે. બે મહિના સુધી સંપૂર્ણ બંધ રહ્યા પછી જ્યારે આજે ઈદના દિવસથી જ ડોમેસ્ટિક ફલાઈટ શરૂ થઈ ત્યારે મોહમ્મદ ઈમરાન માટે આ સમાચાર ઈદી જેટલી જ મીઠાસ લઈને આવ્યા હતા. બે મહિનાથી દિલ્હીમાં ફસાયેલા ઈમરાન ઈદના દિવસે રાંચી પરત ફરવા માટે ખૂબ ઉત્સાહિત હતા. પરંતુ દિલ્હી એરપોર્ટ પર પહોંચતા જ તેમનો ઉત્સાહ હતાશામાં ફેરવાઈ ગયો હતો.

ઈમરાને કહ્યું, મારી સવારે સાત વાગે ફલાઈટ હતી. હું બે કલાક પહેલાં જ એરપોર્ટ પહોંચી ગયો હતો. પરંતુ અહીં આવીને ખબર પડી કે ફલાઈટ કેન્સલ થઈ

● અનુસંધાન પાન-૭ પર

### છેલ્લે... છેલ્લે...

- દેશના પંજાબ, હરિયાણા, દિલ્હી અને રાજસ્થાનમાં હિટવેવ હતું. જેના પગલે કેટલાય વિસ્તારોમાં ૪૫ ડિગ્રીથી વધુ તાપમાન રહ્યું હતું.
- મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી અને કોંગ્રેસના અગ્રણી અશોક ચવ્હાણને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો.
- ભાજપના નેતા નારાયણ રાણેએ મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસનની માંગ કરતા પત્ર રાજયપાલને સુપરત કર્યો.
- હિમાચલ પ્રદેશના હમીરપુર અને સોલાન જિલ્લાઓમાં ૩૦મી જુન સુધી લોકડાઉન લંબાવાયું.
- અમદાવાદની સ્ટાફ નર્સે ૧૦માં માળે છલાંગ મારી આત્મહત્યા કરી.

## શ્રમિક સ્પેશિયલ ટ્રેનોમાં ૩૦ બાળકોનો જન્મ થયો

**કોરોના કુમારી નામ રાખ્યુ તો કોઇએ લોકડાઉન યાદવ**

નવી દિલ્હી, તા. ૨૫

કોરોના મહામારી વચ્ચે મજૂરો તકલીફો



ભોગવી રહ્યા છે ત્યારે બીજી તરફ તેમના પરિવારો માટે ખુશીના સમાચાર પણ છે. લોકડાઉનને પગલે પોતાના વતન પાછા ફરવા માગતા સ્થળાંતરિત શ્રમિકો માટે દોડાવાઈ રહેલી ખાસ ટ્રેનોમાં અત્યાર સુધી ૩૦ બાળકો ચાલુ ટ્રેને જ જન્મી ચૂક્યાં છે. અત્યાર સુધીમાં અઢી હજારથી વધુ શ્રમિક ટ્રેનો દોડાવાઈ છે. પ્રવાસ ખેડનારા પ્રવાસીઓમાં સંખ્યાબંધ શ્રમિક મહિલાઓનો પણ સમાવેશ થાય છે. આ મહિલાઓની પ્રસૂતિની તારીખ નજીક હોવા છતાં તેમણે વતન પહોંચી જવાની લાગણી ખાતર વહેલી તકે ટ્રેનમાં બેસવાનું પસંદ કર્યું હતું અને માર્ગમાં જ તેમને ડિલિવરી થઈ હતી. ગત સોમવારે બેંગ્લોરથી યુપી જઈ રહેલી ૨૩ વર્ષની સંગીતાને માર્ગમાં જ તેની સાથી પ્રવાસી મહિલાઓએ સફળ પ્રસૂતિ કરાવી હતી. જોકે,ત્યાર બાદ એક તબીબી ટીમ પણ તેની મદદે પહોંચી હતી. તેને જરૂરી દવાઓ આપવામાં આવી હતી.

## દેશમાં વધતો કોરોનાનો કહેર : ૨૪ કલાકમાં નવા ૭ હજાર પોઝિટિવ કેસ

**કોરોનાના સતત વધતાં જતાં કેસોના કારણે લોકડાઉન-૫ની તૈયારી રાખવી પડશે કોરોના દર્દીઓની સંખ્યા ૧,૩૮,૮૪૫ થઇ : વધુ ૧૫૪ના મોત સાથે મૃત્યુઆંક ૪૦૦૦ને પાર**

ન્યુ દિલ્હી,તા.૨૫

ભારતે લોકડાઉન-૪ પછી હવે લોકડાઉન-૫ માટેની તૈયારીઓ રાખવી પડે તેમ કોરોનાવાયરસના કેસોમાં સોમવારે સવારે સતત ચોથા દિવસે, સૌથી વધુ વધારો થયો છે, છેલ્લા ૨૪ કલાકમાં અધધ.. ૬,૯૭૭ નવા પોઝીટીવ કેસ નોંધાયા છે. જે અત્યારસુધીમાં એક જ દિવસમાં નોંધાયેલા કેસોમાં સૌથી વધારે છે. છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૧૫૪ લોકોના મોત થતાં દેશમાં મૃત્યુઆંક પણ ૪૦૦૦ને વટાવી ગયો છે, કુલ મૃત્યુઆંક હવે ૪૦૨૧ પર પહોંચ્યો છે. સાજા થયેલાઓની સંખ્યા સંખ્યા ૫૭૭૨૧ પર પહોંચી ગઈ છે. રોજે રેજ કેસોની વધતી જતી સંખ્યા જોતાં કેન્દ્ર સરકારે લોકડાઉન-૫ માટેની તૈયારી રાખવી પડે તો નવાઈ નહીં. કેમ કે કેસો ઓછા થવાને બદલે સતત વધી રહ્યાં છે. જે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો કરતાં સામાન્ય માણસ માટે ચિંતાજનક કહી શકાય તેમ છે. કેમ કે, સૂત્રોના કહેવા પ્રમાણે, જો આ જ રીતે રોજેરોજ ૫ હજાર કરતાં વધારે કેસો કોરોના પોઝીટીવના નોંધાતા રહેશે તો સરકાર જનહિતમાં વધુ એક લોકડાઉન માટે વિચારે તો નવાઈ નહીં. દેશભરમાં કોરોના વાઈરસે અત્યાર સુધી ૧,૩૮, ૫૩૬ લોકોને તેના સંકજામાં લીધા છે. અને તેનાથી ૪,૦૨૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. સાથે જ દેશભરમાં અત્યાર સુધી ૫૭,૬૯૧ લોકો સારવાર બાદ સાજા થયા છે. દેશમાં સૌથી વધારે સંક્રમિતોની સંખ્યા મહારાષ્ટ્રમાં છે. અહીં ૫૦,૨૩૧ લોકો સંક્રમિત અને ૧,૬૩૫ લોકોના મોત થયા છે. બીજા નંબરે રહેલા તમિલનાડુમાં ૧૬,૨૭૭ લોકો સંક્રમિત થયા છે અને ૧૧૨ લોકોના મોત થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## વિશ્વમાં કેસની સંખ્યા ૫૫ લાખથી વધુ

**મોતની સંખ્યા વધીને ૩૪૭૦૬૯ પર પહોંચી : ૨૩૧૫૩૦૫ રિકવર**

નવી દિલ્હી,તા.૨૫

વિશ્વભરમાં કોરોના વાયરસનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. ૨૧૦ દેશોમાં કોરોનાએ આતંક મચાવ્યો છે અને હવે વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૫૨૨૦૭૯૯ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૫૧ લાખથી પણ ઉપર પહોંચી ચુક્યો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૨૦૯૭૪૦૨ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૭૮૮૨૩૫ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ

● અનુસંધાન પાન-૭ પર